૧૫/૧૦/૨૦૨૦

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ દ્વારા મહિલા કૃષિ દિવસની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદ દ્વારા મહિલા કૃષિ દિવસની ઉજવણી તારીખ ૧૫.૧૦.૨૦૨૦૭ ના રોજ કે.વિ.કે., આ.કૃ.યુ. દાહોદ ખાતે કરવામાં આવેલ. આ કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. એ. સી. વૈદ્યએ ભારતીય કૃષિમાં મહિલાઓના યોગદાન અને મહત્વની સવિસ્તાર માહિતી આપેલ. ત્યારબાદ તાંત્રિક સેશનમાં ડો. આર. રાધા રાની, વૈજ્ઞાનિક (પશુ પાલન)એ સ્વચ્છ દૂધ ઉત્પાદન, શ્રી. એન. કે. રાઠોડ, વૈજ્ઞાનિક (પાક સરક્ષણ)એ રોગ-જીવાતની ઓળખ અને તેના અસરકારક નિયંત્રણના પગલાં વિષે સમજ આપી હતી તેમજ ડો. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત)એ કિચન ગાર્ડનિંગનું મહત્વ અને તેના ફાયદા, શ્રી. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન)એ આગામી રવી ઋતુમાં વાવેતર માટે ધ્યાનમાં રાખવા જેવા મુદ્દા અંગે અને શ્રી. જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ)એ કૃષિમાં મહિલા ઉદ્યોગ શાહસીકતા માટેના સફળ ક્ષેત્રો વિશે માર્ગદર્શન આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં કુલ ૩૦ મહિલા ખેડૂત બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.





१५/१०/२०२०

